ૐ

દુઃખનું ઓષડ.

શીવ પ્રાર્થના.

લેખક તથા પ્રકાશક.

ખત્રી ભગતજી ભગવાનદાસ માણકચંદ વ્યાસ.

ઠો. બેગમપુરા ગેટ સામે—સુરત.

દોહરો.

જાગ જાગ મન મુરખા ભજન કરી લે ઝટ,
સ્વપનાવત સંસાર છે હરી હરી ગા ગા સત;
ધન જોબન સુત નારને મળે મોટુ જગ માન,
પલ એક પલટાઇ જશે ચેત ચેત ભગવાન.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

સુરત ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે
તથા
"દેશી મિત્ર" પ્રેસમાં મગનલાલ કીકાભાઇએ છાપી.

મુલ્ય અમુલ્ય.

ઉપોદ્ઘાત.

આ પ્રાર્થના એકચિત્તે, મનને સ્વસ્થ રાખી, જે કોઇ મનુષ્ય કરશે તેના સર્વ દુઃખ નિવારણ થઇ, તેનો આત્મા સદા કાળ સુખ, આરોગ્ય અને સંપતિ, તથા વૈભવ ફળની પ્રાપ્તી પામશે. આ કળીયુગ રૂપી કાળમાં જનસમુહ માટે દુઃખનું ઔષધ માત્ર ભકતી અને ઇશ્વર આરધના છે. અને જેઓ તેનો માત્ર એક ક્ષણીક લાભ લે છે, તેને તેનું અતુલ્ય ફળ મળે છે, એ વાર્તા જગતપ્રસિદ્ધ અને સર્વ માન્ય છે. એટલે તત્સંબંધે કાંઇ વીશેષ વીવેચન મારા સરખાં અલ્પ પ્રાણીએ કરવું અને જ્ઞાતા કહેવડાવવાનું ડોળ બતાવવું એ વૃથા છે.

એક દરદીને જેમ પોતાના દરદથી સુખશાંતિ મેળવવાને અર્થે સારા ઔષધની આવસ્યક રહે છે, તેમ આ સૃષ્ટીને વીશે મનુષ્ય સાથે લાગેલી જુદી જુદી પ્રકારની ઉપાધિથી મુકત થવાને ઇશ્વર આરાધના રૂપી ઔષધજ બળવાન છે અને તે ઉપચાર યાને ઇશ્વર ભકતી કરવાથી ગમે તેવા મહાન સંકટમાંથી મનુષ્ય વિમુખ થઇ શકે એમ છે.

આ ઉદ્દેશ મારા હ્રદયસ્થાનને વીશે આજ દીર્ઘ સમયથી ઘર કરી રહ્યા હતો. તેવા સમયમાં સુરત એજંસી તાબે આવેલા ધરમપોર સ્વસ્થાન વિષે મારૂં જવું થયું.

ત્યાંના માહારાણા સાહેબ શ્રી **મોહનદેવજી** મહાન દાતાર, ઈશ્વરના એક પરમભકત અને મંગળ સ્વરૂપ ગણાય છે. તેઓ રાજ્ય કર્તા તરીકે પોતાની પ્રજાના શ્રેય અને કલ્યાણને માટે સદા: કાળજી લેતા જણાયા છે. એટલુંજ નહિ પણ ધર્મ નિતિ તથા બીજી દરેક પ્રકારની મેળવેલી ઉંચી કેળવણી અને અનુભવે કરીને મેળવેલા ગુણો વડે પોતાના સુર્યવંશના કુળને તેઓશ્રી દીપાવી રહ્યા છે.

એઓશ્રીના ચરણમાં મારૂં એકાએક જવાનુ થયું. જ્યાં તેઓએ પુર્ણ પ્રેમભાવે મારૂં સન્નમાન કરી મને પોતાની હજુરમાં રાખ્યો. એક રાજ્યકર્તા મારા જેવા કીંકર પામર પ્રાણીનું આવા પ્રેમભાવે સન્નમાન કરે, એ બનાવે મારા હૃદય વિશે ઉંડી અસર કરી. મને આશ્ચર્ય થયું. કારણ કે એક મહાન સ્વર્ગરૂપ સુખના ભોકતા, હજારો મનુષ્ય ઉપર સત્તા ચલાવનાર રાજ્યકર્તામાં આટલું બધું નિરાભિમાનપણું અને સાહાઇ હશે એ તો મેં આજેજ નિહાળેલું.

મહારાણા:શ્રી મોહનદેવજી સાહેબને બે કુંવરો—યુવરાજ શ્રી વીજયદેવજી અને કુમારશ્રી નરસીંહદેવજી—છે. તેઓને મહારાજાશ્રીએ સારી કેળવણી આપી રાજ્યદીપક રૂપ બનાવ્યા છે. એ બે કુંવરો પૈકી કુમારશ્રી નરસીંહદેવજીના લગ્નનો આ પ્રસંગ હોવાથી મહારાજા સાહેબ લગ્ન સમારંભની હિલચાલમાં રોકાયલા હતા. લગ્ન મંડપ આ રાજ્યના

પ્રાચિન સ્થાનકરૂપ ગણાતા—દમણથી ૨૫ માઇલ દુર આવેલા—ફતેહપુર પેડછા ખાતે કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મહારાજા સાહેબ, આ ચારે તરફ પહાડો અને ઝાડીઓ રૂપી આવી રહેલી ઘટાવાળી વેરાન જગ્યાએ પધાર્યા હતા કે જ્યાં કોયલ અને બીજા પક્ષીઓના મધુર ઘોષ કાનને આનંદ આપતા હતા; એટલુંજ નહિ પણ નજદીકથી વહેતી દમણગંગા નદીની વિશાળ ચોપાટી ઉપરથી આવતી મંદમંદ પવનની લ્હેરો મનને સ્વર્ગસમ સુખ અને આનંદ આપતી હતી. આ જગ્યા ઉપર વિવિધ પ્રકારની રચનાથી તયાર કરાવેલા લગ્ન મંડપનાં ભવ્યતાને રાત્રી અને દીવસનો દેખાવ જુદી જુદી અદભુત વાસનાઓએ કરીને વૈભવ સુખનો મહાનુભવ આપતો હતો.

આવી રમણીય વિશાળ જગ્યામાં મહારાણા સાહેબ સાથે મારા જેવા અલ્પ જ્ઞાનીને જવાનું થાય એ મારા જેવાના મનને તો એક અહોભાગ્યનોજ દીવસ કહેવાય. તોપણ એથી મને કાંઇ ગૌરવ થયો નહિ. કારણ હું માનતો હતો કે, આ સઘળું દેવની ભકતીરૂપ જવાળાથી મારા અંતઃકરણમાં પ્રજળી રહેલા પરમાત્માના કીર્તનરૂપ આનંદનોજ સુખાનુભવ હશે.

આવી રમણીય અને એકાન્ત જગ્યાનો જે અનુભવ દૈવ ઇચ્છાએ મને પ્રાપ્ત થયો હતો, તે આનંદમય માંગલીક

દીવસ સંવત ૧૯૬૭ ના વૈશાખ સુદી પુર્ણીમાંનો હતો. એજ આનંદીય દીવસની સુભ ઘડીમાં આ કૈલાસવાસી દેવ **શ્રી મહાદેવજી** પ્રભુની સ્તુતિ લખવાનો આરંભ કરી તેને પુર્ણ કરી.

આવા આનંદમય એકાન્ત સ્થળ વીશે મારૂં કાર્ય પુર્ણ કરતી વેળાએ મારા હૃદય વિશે જે એક વાસના મેં નિહાળી, તે કોઇ વિચિત્ર લાગતી હતી. એ વાસના પવિત્ર હતી અને તે સુખાનુભવનો પુર્ણ ખ્યાલ આપતી, મારા ભજનાદિક કાવ્યની રચનામાં સ્ફુરતિ આપતી મેં જોઇ. હું અંતર વીશે જાણે **મોહનેશ્વર** ભગવાનનેજ જોઈ રહ્યો. વાંચક પ્રશ્ન કરશે કે, એ મોહનેશ્વર ભગવાન કોણ ? તે કાંઇ **મહારાણાશ્રી મોહનદેવજી** પોતે નહિ હતા ?! પરંતુ તેઓશ્રી તરફથી ધરમપુર ખાતે **મોહનગઢ** નામના પહાડની વિશાળ જગ્યા ઉપર હજારો રૂપિઆ ખરચીને બંધાવેલા મોહનેશ્વર શિવાલયમાં સ્થાપિત કરેલા કૈલાસાધિપતી **શ્રી** શંકર મહારાજ સરખાં સાક્ષાત લાગતા હતા. તેને આ[illegible] [illegible]ફુરતી અ[illegible] ભા[illegible] [illegible]ણુએ [illegible] આ સ્તુતિપાઠ કહો કે પ્રભુ પ્રાર્થના કહો, કીંવા ભજનાવલી કહો [illegible] બનાવ્યાં છે અને તેમાં હું માનું છું કે, આ કૈલાસાધિપતી દેવની સહાનુભુતિએ રચેલ આ સ્તવનનો જે પાઠ કરશે, તેને પોતાના આ સંસારરૂપી ઉપાધીમાં નડતા દરેક

પ્રકારના દુઃખનું નિવારણ કરવાને અમૃતમય ઔાષધ હાથ આવશે; કે જે ઔાષધે કરીને આ જીવન આત્માની મુક્તી મેળવવાના અંતિમ ફળને પ્રાપ્ત કરી શકાય છે.

સુર્યપુર (સુરત) બેગમપુરા ગેટ સામે. } લી૦ દાસાનુદાસ. ભગવાનદાસ માણેકચંદ વ્યાસ.

ધરમપુર સંસ્થાનના ના૦ મહારાજા સાહેબ શ્રી મોહનદેવજી બહાદુરની સેવામાં.

આ એક લઘુ પુસ્તક આપ નામદારશ્રીની રાજ્યનગરીના નિવાસસ્થાને રહી હું પ્રકટ કરવા શક્તીવાન થયો છું. આપ નામદાર મહારાણાશ્રીની ઈશ્વર પ્રત્યેની પ્રેમભાવ ભક્તીને લીધે મને જે ઇશ્વર સાહ્યતાનો અને સુખાનુભવ થયો છે, તે શુભ દિવસના ચિન્હરૂપ આ રચાયલા પુસ્તકને સપ્રેમ પુજ્યભાવ અને સવિનયપુર્વકની લાગણીથી આપ નામદારશ્રીને સમર્પણ કરૂં છું.

લી૦ હું છું આપને ચર્ણાર્વિંદ સેવક.

(ભકતરાજ) ભગવાનદાસ માણેકચંદ વ્યાસ.

ૐ શ્રીનમ:

દુ:ખનું ઓસડ.

શીવ પ્રાર્થના.

ગરબી.

દયાળુ દાતા મોહનેશ્વર સ્વામી, ભોળારે શંભુ છો અંતરયામી.

સાખી.

ધરમપુરના રાજ્યમાં, વસે મોહનદેવ માહારાજ;
સતવાદી શુભ લક્ષણા, જેને પધરાવ્યા શીવરાજ.
મહાવીર સંકટના હામી— દયા.
મોહન થઇ કૈલાસ સમ કીધું, મોટામાં મોટું ગામ અર્પણ કીધું;
ધરમોંના કામે રાખી નથી ખામી— દયા.

સાખી.

અંતરયામી શીવં હરી, ભગતોના પુરણ કામ;
આદી અંતમાં એક છો, અંતર આતમારામ.
શરણું છું દાતા આવો તુરત-હામી— દયા.

સાખી.

પરમ ભકત પૃથ્વી પતી, મોહન દેવ માહારાજ;
ચીરઘાયુ શીવજી કરો, અમર તખતને તાજ.
કુટુંબ સરવે સુખ જાજો પામી— દયા.

આહા શીવ શીવ ગાઇને નાચું, સદારે શીવ ભકતીને જાચુ;
શીવ દાસોને જોઇ જોઇને રાચુ, કુમતી મારી દેજો તુરત દામી—૬.

સાખી.

ઓ મન મુરખ માહરા, ભજ ભજ શીવ સુખ સાર;
મારૂ તારૂ કાંઇ નથી, સૌ જુઠો સંસાર.
ભગવાનદાસ ભજ નીરમળ નામી— દયા.

૧. જય જય શ્રી પરમપુજ્ય શર્વોત્તમ શર્વશકતી માન ભગવાન શ્રી મોહનેશ્વર દાતાર આપ અનાથના નાથ છો, માહાં અપરાધરૂપી ગુન્હાને ક્ષમા કરનાર છો. શર્ણમાં આવેલા દાસની સ્તુતી અંતરમા ધરનાર છો. શરવે શંકટ હરનાર છો. હે ભગવન ! હે કૃપાલુ પ્રભુ, હે અંતરના કલેશને હરનાર હરી ? આપ અધમ ઉધારણ ભીડભંજન શ્રી મોહનેશ્વર દાદા તમારે શરણે આવ્યો છું. પરમાત્મા આપશ્રીના ગુણ તો શાગરથી વધારે છે. તે કાઈ લખવા કે ગાવા કે કથન કરવા સમર્થ નથી. હું [illegible] દાસ મુર્ખ મતીમંદ છું એક પણ અક્ષર ભણ્યો [illegible] મારા વ્હાલા માતા પીતા શામર્થ ધણી શાક્ષાત પરબ્રહ્મ[illegible]યાણુ વીશ્વનાથની પ્રાર્થના કરવા આશા રાખુ છું તે [illegible] દાદા[illegible] શ્રી તાત મારી આશા પુર્ણ થજો તન મન અરપીને આપ શ્રીના ચરણુ કમળનો દાશ થયો છું હે અનાથના નાથ, હે પતીત પાવન પરમેશ્વર, હે શંકટથી

છોડાવનાર માલીક, આપને શરણે આવ્યો છું. મારા અપાર અપરાધ ધુના ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. ભગવાન શત્રુ બુધ્ધીની ભીક્ષા આપો કે આપના પ્રતાપે પ્રાર્થના લખુ માહા દુષ્ટ પણ આપશ્રીની ભગતી કરે તો માહા મોટી ઐશ્વર્યતા પામી જાય છે. માટે હે નાથ જેવો તેવો દાશ દીનતાથી શરણે છું

૨ હે માયાના પતી, માયાને પોતાના આધીન રાખનારે માયાની માયાને જાણનાર, માયાના મોહથી પર રહેનાર માયાથી પીડાએલા જનોને આસરો આપનાર શર્ણમા પડેલા દુખીનુ સર્વ સંકટ કાપનાર માયાના મોહથી છોડાવનાર પોતાની કૃપાએ કરીને પેતાના ભક્તોને માયા કાઇ કરી શકતી નથી ઉલટી માયા અનુકુળ થઈ જાયછે પોતાના ભગતોને ખોટી લાલચમાં નહી ફશાવનાર જે ખરા અંતરના પ્રેમથી શ્રધાથી હે તાત તમારા 'શરણમા પડેછે તેનું તનનુ મનનુ અને ધનનુ પુત્રનું કે નારીનુ કે સત્રુનુ સરવે સંકટ મટાડનાર જે પરમાતમા તુરત પ્રસન થાયછે તે શ્રી માહાદેવ દ.તાર અંત[illegible]મી મારૂ સંકટ હરે. [illegible]

૩ હે નાથ હે નાથ હે અંતરયામી કૃપાનાથ આપ ગુરૂઓના ગુરૂ છો આપ અવિનાશી શાક્ષી છો [illegible] નો માહાં ખજાનો છો આપ ભકતોની 'માહા હીમત છો આપ હે શિવજી ભગવાન ભક્તોંની આબરૂ રાખનાર છો હે ભગવાન

આપ ભકતોના દોષ દુરગુણ હરનારાછો ભગતોની માતા પીતા તુલ્ય બરદાસ કરનાર છો ભગતોને જે ઇચ્છા થાયતે આપ અંતર્યામી તુરત જાણી પોતાના દાસની મરજી મુજબ અનુકુળ થનારાછો હે તાત આપ પુજ્ય પરમેશ્વર શ્રી મોહનેશ્વર શીવજીના ભકતોને કામરૂપી પીડા થતી નથી આપશ્રી અનાથના નાથના દાસની સર્વે આશા પુર્ણ થાય છે હે. નાથ હે હરી હે શીવજી બાપુ મારા વાહલા માતા પીતા મારૂ સંકટ હરો પ્રભુ મને તુરત આ આફતમાંથી મુક્ત કરો. અપરાધ ક્ષમા કરો ક્ષમા કરો. શરણે છું. શંકટ હરો હરી.

૪ જે માહા કૃપાલુ દયાળુ અને પોતાના શરણાંગત આશ્રીતોને સદાસુખી જોવાની ઇચ્છાવાળા છે તે ભકત વત્સલ ભગવાન શ્રી માહાદેવજીને અપાર નમસ્કાર કરૂ છુ હે તાત સંકટ હરો હે નાથ સંકટ હરો હે ભગવાન સંકટ હરો હે વીશ્વનાથ સંકટ હરો હે ભીડભંજન વીભુ સંકટ હરો હે અધમ ઉદ્ધારણ દાદા સંકટ હરો હે અંતરની જાણનાર સંકટ હરો હે ભકતોનુ માન વધારનાર શીવજી સંકટ હરો હે કરૂણાના સાગર સંકટ હરો હે ભકતાનુ ધન બાપ્પ સંકટ હરો હે સાચા અને જુઠાને જાણનાર અંતરયામી આ-ત્મારામ સંકટ હરો હે શીવજી હે શીવજી મારા વાહલા પુજ્ય પીતા શીવજી દાસ શું શું રીતથી આપ અધમ ઉધારણને મનાવુ કે આપ કૃપાલુ પ્રસન થાઓ બાપુ મને મુરખને પાપીને કાઇ ખબર નથી જયાસુધી આપ દયા. કરો નહી ત્યાં સુધી મારૂ સંકટ કેમ દુર થસે જયાસુધી આપ રહેમ કરો નહી ત્યાં

સુધી મારૂ કામ કેમ સીદ્ધ થસે હે બાપુ પુજય શીવજી ભગ-
વાન શરણુમા આવેલ દીન અનાથ દાશાનું તુરત સંકટ હરો
હરી ક્ષમાકરો ક્ષમાકરો.

૬ અંતરયામી શીવજી ભગવાન શ્રી માહામાયા સર્વ
શકતી સહકુટુંબ આપ પરમાત્માનો બાનો ધારણ કીધે।
છે, તો હેનાંથ બાનાની પત રાખી. બાહીગૃહ્યાની લાજ
રાખો અંતરયામી કોટી ગુનાહ ક્ષમા કરો. પ્રભુ ઘડી ઘડી પલ
પલ મારી રક્ષા કરો. હે અંતરયામી અંતરને જાણુવા
છતા, કેમ વીલંબ કરો છો. ના ના મારા વહાલા માતા
પીતાશ્રી આપ અધમ ઉધારણુની એમા સોભા નથી. હે
બાપુ હે તાત પ્રેમે કરી આ વખત આ સુભમુહુર્તમા આ
સુભ ઘડીપલમાં આ ગદગદ કંઠે પ્રાર્થના કરૂ છુ તે સાંભળી
લ્યો. આપ સમરથનો આશરો લીધો, છતા દુઃખનું
નીવારણ થયુ નહી. તો હે ભગવાન હે સરવેના કરતા ધ-
રતા હરી હવે મારો કોઇ ઉપાય નથી તોતમે અનાથના નાથ
છો ભીડ ભંજન છો ભકતોના મનના રંજનછો કેમ સમાધી-
મા બેસી રહયાછો ભગવાન જાગો મારા વાહલા પીતાજી જા-
ગો જાગો. તમારૂ નાનુ બાલક માહ સંકટમા આવી ગયું છે.
જાગો જાગો શરણુાગત પાલક જાગો તમારો બાનો ધરનાર
દીન દુખીદાસનું દુખ ભાંગો.

૭ અરેરે શ્રી. મોહનેશ્વર ભગવાન તમેજ મારા માતા
છો અરેરે અધમ ઉધારણ ભગવાન તમેજ મારા પીતા છો

અરેરે મોહનઘઢવાસી તમેજ મારા બંધુ છો. અરેરે ગીરીજાના સ્વામી ભગવાન તમેજ મારા મીત્ર છો. અરેરે કારતીક સ્વામીના બાપુ તમેજ મારા કુટુંબ છો. અરેરે રાવણ ભષ્માસુરને વર આપનાર ભગવાન તમેજ મારા ધણી છો. અરેરે દીનના દયાલ ભોળાનાથ ભગવતને છોડી કયા જવુ. પ્રભુ પ્રભુ મારા જીવન આધાર પ્રભુ વીચારો વીચારો. આપ વીના મારે કોઈનો આધાર કે સહાયો નથી. આપ શ્રીના શરણમાં પડેલો દુખી દરીદ્રી દીનદાસ તેની આ ખરા અંતરની પ્રાર્થના પર અંતરની જાણનારા શ્રી માહા પ્રભુ ભગવાન સદા શીવજી સાંભળી લ્યો મારા વાહાલા માત પીતા જાગો જાગો મારા પુજ્ય બાપુ શ્રી ચેતો ચેતો અરેરે આપ મારા તરફ નજર નહી કરસો તો જરૂર આ તમારૂ દીન બાળક દુખી થશે. વાત વીચારો વીચારો સંકટ મોચન નામ ધરાવનારા આપ શ્રી માહાદેવજીને અપાર નમસ્કાર કરૂ છું. દયા કરો દયા કરો દયા કરો.

૮, અંતરયામી અતરયામી મારા વાહલા અંતરયામી મારા મનની ફીકર આપ વીના કોણ હરસે અરેરે ફીકર મને રંગ રાગ [illegible] ફીકરથી મન [illegible] ગમતુ નથી પ્રી[illegible] નાટક ચેટક જોવા ગમતા નથી અરેરે શીવજી ભગ[illegible] મને સરવે ફાંસી રૂપ લાગે છે મારે ફીકરને હરનાર માહારાજા ધીરાજ શ્રી સર્વોત્તમ ભગવાન મોહનેશ્વર સ્વામી મારી ફીકરને દુર કરો. મારા અંતરમાં સાન્નીધ્યે આપ

વસો મનમા આનંદ રૂપે આપ બીરાજો મારા મસ્તકપર શક્તી રૂપે બીરાજો મારી જીંન્હાપર સરસ્વતી રૂપે પધારો મારી આંખમા આપશ્રીની મનહુર છબી દેખાયા કરો મારા હ્રદયમા શ્રી માહા માયા સરવ શકતી ગણેશજી સહીત સદા બીરાજો મારા ઘરમા. સ્મૃદ્ધીરૂપ થઇ બીરાજો મારા કુટંબમા સંપ સોધ્ધી રૂપે બીરાજો સદા સરવ કાળે રક્ષા કરો જાગો ભંગવાન દયાલુ જાગો આનંદના સાગર ઇશ્વર જાગો સરવે અપરાધને ક્ષમા કરી તુરત મારૂ સંકટ હુરો હું અપરાધી આપને શરણે છું.

૯, હે ભગવાન હે મહા દાતાર શીવજી જય જય ભકત આધીન શીવજી જય જય ભકતોના શંશારમા શરવે શુખના શાધન કરી આપનાર પોતાના ભકતોને વીના શ્રમે શંકટથી છોડાવનાર માહા કાળ કમળ જેવા જેની સુંદર આંખ છે. તે પુજય પરમાત્માને ભાવે કભાવે ભજુ છુ. તે અંતર્યામી બાળકની સ્તુતી ધ્યાનમા લેશો હે ભગવાન આ જગતમા રામ કુષ્ણ આદી જે જે મોટા શમર્થ થયા છે તે હે ધન ઇશ્વર શીરછત્ર ભગવાંન આપ શીંવજીનાજ પ્રતાપે રાવણ બાણાશુર શસ્રાબાહુ ભસ્માસુર આદી અપાર શજન ભકતો અને દુસ્ટ ભકતો થઇ ગયા છે તે હે શરવેશ્વર માહાદેવદાતા આપનાજ પ્રતાપે, આપ શીવ ભકતીનાજ બલથીજ તો હે તાત દીન દાશ કયા જાવું બચાવો બચાવો પધારો દરશન દયો શંકટ હરો શંકટ હરો શંકટ હરો હરી

૧૦ જય જય જય બ્રંહ્મા વીષ્ણુ અને માહા મુનીશ્વરો જેનુ ધ્યાન ધરી રહ્યા છે જે પરબ્રંહ્મ સરવ શકતીમાન છે જે સમરથ સરવેસ્વર શીવ ભગવાન સરવેનો માલીક છે જે હરીના હુકમથી પોતાની માહાશકતીએ આ જગતમા રામ કૃષ્ણ આદી ચોવીશ અવતાર ધારણ કીધા હતા તે સરવ શકતીના સ્વામી માહા વીષ્ણુ પરમાત્મા શ્રી શીવ ભગવાન છે તે મારા વાહલા શ્રી ગુરૂ સંર્વેશ્વરની જનમો જનમ ભકતી માગુ છુ શીવ ભકતી શીવ ભંગતી શીવ ભકતી મારા મનમા મારા કુટુંબમા શીવ કૃપા શીવ કૃપા થઇ જાવ હે તાત મારા ઘરમા દયા દાન અને દીનતા અતીથી મહા પુરૂશોનુ પુજન કથા કીરતન સદા ઓછવ થયાજ કરો શીવ ભકતો વીષ્ણુ ભકતો મને એક સરખા લાગો હે ભગવંન મારામા કે મારા કુટુંબમા કોઇને પણ અભીમાન આવો નહી સદા સરવે જગતનુ ભલુજ ઇચ્છુ મને કોઇપર વરદ્રષ્ટી આવેજ નાહી તેમ મારા પર કોઇની વેરદ્રષ્ટી નહી થાવ મારા કુટુંબમા સરવેને સતબુદ્ધી નીતી ઉદારતા અને પરગજુ કરજો હે તાત હે પ્રભુ હે વીશ્વનાથ હે મોહનેશ્વર દાતાર કૃપા કરો કૃપા કરો. સંકટ હરો.

૧૧ જય જય જય ભોળાનાથ આપશ્રીના સરવ સીદ્ધી દાલીંગની પુજાનો મહાન મહીમા સુંવરણવુ જે આપશ્રીના લીંગ પર જલધારા પ્રેમથી કરે છે તેને આપ અક્ષય સુખ આપો છો જે આપશ્રીના લીંગપર ઘીના કમળ ચડાવે છે. તેને આપ શ્રી કૃષ્ણ જેવા ભોગી બનાવો છો. આપના શ્રી

લીંગ પર જે ચંદન ચડાવે છે તેના અંતરમા સાન્તી આપો છો આપશ્રીના પુજ્ય લીંગપર જે અક્ષત ચડાવે છે, તેને સદા અન પુરણા પ્રસન રહે છે. હે ભગવન આપશ્રીના પુજ્ય લીંગે જે બીલ ચડાવે છે તેને માથે વીવીધ પ્રકારના છત્ર આપો છો. જે આપશ્રીના પુજ્ય લીંગે કમલ ચડાવે છે. તેને કમલનયની સતી સુંદરી આપો છો જે આપશ્રીના લીંગે ભાંગ ચડાવે છે. તેને ભોગ કરવા માહાં વીર્ય શકતી આપો છો. જે આપશ્રીના પુજ્ય લીંગે આંકડો ચડાવે છે. તેને આપ ફાંકડો બનાવો છો જે પુજ્ય લીંગે ધનતુરો ચડાવે છે. તેને આપ સરવ ગુણ સંપુરણ બનાવો છો જે પુજ્યલીંગે જલ ધારા કરી પછી દુરવા ચડાવે છે તેનુ સરવે સંકટ દુર થાયછે જે દુરવા ચડાવેછે તેને કોઇ ગૃહ કાઇ કરી શકતા નથી સરવે કરતા આપ અંતરયામી ભગવાનનુ નામ મોટુ છે જે અંતરમા એક ધ્યાન શીવ શીવ કરેછે તે માહા પ્રતાપી જગતમા થાયછે અંતે શીવ સ્વરૂપ થઇ જાયછે જે શીવ જપ અંતરમા કરેછે તે માહા ભાગ્યશાળી પુરૂશ સરવે દેવ કરતા મોટોછે માહા મુનીઓ સરવે દેવ દેવી તેના હુકમમા થઈ જાયછે માટે શીવ આ બે અક્ષરનુ નામ માહા સંકટથી છોડાવનારૂછે મંગળ રૂપછે મંગળનુ કરનારછે જે શીવ શીવ કરેછે તેનુ રક્ષણ શીવ જે માંહાકાળના કાળછે તે સદા સાની ધ્યમા રહેછે જે શીવ શીવ કરેછે ત્યાં અષ્ટ સીદ્ધી હાથ જોડી ઉભાછે જે શીવ શીવ કરેછે તે માહા દુસ્ટ છતા આ લોકમાં તુરત

સુખ ભોગવી અંતે અક્ષય સુખ રૂપજ બની જાયછે તે સમરથ નામેશ્વર ભગવાનને શરણેછુ પ્રભુ દાસ સેવો કે સમરણ કાંઈ જાણુતો નથી માત્ર આપ શ્રીના નામનો બાનો ધારેલોછે તો હે નાથ અનાથની બાહી પકડજો મારી મન કામના પુરણ કરજો હે ધણી પછી સદાને માટે આપ શ્રીના માહાત્મ્ય કલ્યાણ કરનારની ભકતી ધરૂ નીસકામ ધ્યાન કરૂ નીસકામ કીરતન કરૂ હે ભગવાન તમારી માયા ખેચી લ્યો મને તુરત સંકટથી છોડવો કૃપાકરો કૃપાકરો માલીક આપ માતા પીતારૂપ છો અને હું દાસા સદાદાસ નાનુ બાલકછુ મને પ્રેમથી રાજી રાખો લાખો અપરાધ ગુના સાંખો મને સારી બુદ્ધી આપો મારી દુષ્ટ બુદ્ધીને કાપો સદા એક બ્રહ્મરૂપ સ્વરૂપાકાર વૃત્તી આપો મને એકાન્તએકકાંન્તા એક વચન એક ભકતી માંહા આનંદ સદાને માટે આપો માંગ્યા વગર મનની ઇચ્છા પુરણ કરો સદા નીરભય કરો સત્રુપણ મીત્ર થઇજાવ અષ્ટ પહોર નામનુ રટણ અંતરમા ચાલુજ રહો મારો આત્મા પરમાત્મામા મળી જાવ હું હું જે બોલુ છુ તે હુંકે તુ કાંઇ છેજ નહી એક ઇશ્વરનારાયણ મારો આત્મારામજછે એવી સ્થીર બુદ્ધી સદા થાવ જય જય જય.

શિવાર્પણ. શાંતિ. શાંત. શાંતિ.